RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 329* Date: 26.09.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## પહેલા ભારતે ગલવાન સરહદે ઘૂસણખોરી કરી હતી : ચીન

બેજિંગ , તા.૨૫

ચીને શુક્રવારે આ સમૂહની ટીકા કરતા કહ્યું કે આ વિશિષ્ટ બંદ સમૂહનુ ગઠન વર્તમાન સમયની વિરૂદ્ધ છે. અને તેને કોઇ સમર્થન નહી મળે. ક્વાડ દેશોના નેતાઓની આમનેસામને યોજાનારી પહેલી બેઠક છે. ક્વાડ શિખર સમ્મેલનને લઇને ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઝાઓ લિજિયાને મીડિયાને કહ્યું હતું કે ચારેય દેશોના સંગઠને કોઇ ત્રીજા દેશ અને તેના હિતોને નિશાન ન બનાવવું જોઇએ.ગયા વર્ષે ગલવાન ઘાટીમાં જુન મહિનામાં ચીન અને ભારતીય સૈન્ય વચ્ચે ઘર્ષણ થયું હતું. જેમાં ભારતના ૨૦ જવાન શહીદ થયા હતા. ચીની સૈનિકોએ સૌથી પહેલા ગલવાન ઘાટીમાં ઘુસણખોરી કરી હતી, જોકે હવે ચીને પલટી મારી છે અને જુઠાણા ફેલાવતા કહ્યું છે કે ભારત દ્વારા સૌથી પહેલા સરહદના કરારોનો ભંગ કરવામાં આવ્યો હતો. ગલવાનની આ ઘટના બાદ ભારત અને ચીનનું સૈન્ય ૧૬ મહિના સુધી સામ સામે તકરારમાં રહ્યું હતું. જવાનોએ એકબીજા પર સળિયા, લાકડીઓ, પથ્થરો વડે હુમલો કરી દીધો હતો. ચીની સૈનિકો દ્વારા વધુ ઘાતક હુમલા કરાયા હતા. જ્યારે સામેપક્ષે જવાબી કાર્યવાહીમાં ચીનના પણ પાંચ જેટલા જવાનો માર્યા ગયા હતા. એવામાં ચીને હવે દાવો કર્યો છે કે ગયા વર્ષે ગલવાન ઘાટીમાં ભારત દ્વારા સૌથી પહેલા સરહદના કરારોનો ભંગ કરાયો હતો. બન્ને દેશો માટે સરહદે શાંતિ જળવાઇ રહે તે માટે આ કરારો બહુ જ જરૂરી છે. બીજી તરફ મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેનની મુલાકાત પહેલા ચીન ભડકી ઉઠ્યું હતું. શુક્રવારની બેઠક પહેલા જ ચીને વોશિંગ્ટનમાં અમેરિકા, ભારત, જાપાન અને ઓસ્ટ્રેલિયાના નેતાઓની વચ્ચે ક્વાડ શિખર સમ્મેલનને લઇને કહ્યું છે કે આની કોઇ જ પ્રાસંગિક્તા નથી.

### પાંચ વર્ષમાં વધુ ૪૦ અબજ યુએસ ડોલરનું રોકાણ કરવાની કંપનીની યોજના

## ભારત સૌથી ખતરનાક ૩૦ પ્રીડેટર ડ્રોન ખરીદશે



વોશિંગ્ટન , તા.૨૫

બ્લેકસ્ટોનના સહ-સ્થાપક, ચેરમેન અને ચીફ એક્ઝિક્યુટિવ સ્ટીફન શ્વાર્ઝમેને વડાપ્રધાન મોદીની પ્રશંસા કરતાં કહ્યું કે, પીએમ મોદી સાથે મારી મુલાકાત ખૂબ જ સારી રહી. બ્લેકસ્ટોને અગાઉથી જ ભારતમાં ૬૦ અબજ યુએસ ડોલરનું રોકાણ કર્યું છે અને આગામી પાંચ વર્ષમાં વધુ ૪૦ અબજ યુએસ ડોલરનું રોકાણ કરવાની કંપનીની યોજના છે. સ્ટીફને કહ્યું કે, ભારત દુનિયામાં રોકાણ માટે બ્લેકસ્ટોનનું સૌથી સારું બજાર છે. હવે તે દુનિયામાં સૌથી ઝડપથી પ્રગતિ કરતો દેશ છે. તેથી ભારતમાં રોકાણ અંગે અમે ખૂબ જ આશાવાદી છીએ. મોદી સરકારની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે, વિદેશી કંપનીઓ માટે આ ખૂબ જ અનુકૂળ સરકાર છે. આ સરકાર સુધારાલક્ષી અને ઉદ્દેશ્યપૂર્ણ છે. શ્વાર્ઝમેને પીએમ મોદી સાથે નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન અને નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈનના પગલે ભારતમાં વિવિધ રોકાણ તકો અંગે ચર્ચા કરી હતી.

બ્લેકસ્ટોને દેશમાં છેલ્લા દાયકામાં ૨૨ અબજ યુએસ ડોલરનું રોકાણ કર્યું હતું. બ્લેકસ્ટોન ભારતમાં સૌથી મોટી પ્રાઈવેટ માર્કેટ ઈન્વેસ્ટરમાંની એક છે. તે ભારતમાં સૌથી મોટી કોમર્શિયલ રિયલ એસ્ટેટ માલિક છે. કંપની સમગ્ર દેશમાં ઓફિસો અને રિટેલ મોલ સાથે ૧૩૦ મિલિયનનો પોર્ટફોલિયો ધરાવે છે. કંપનીએ ૨૦૨૧ના પહેલા ચાર મહિનામાં જ ૫.૫ અબજ યુએસ ડોલરનું રોકાણ કર્યું છે. ભારત કંપની માટે સૌથી સફળ રોકાણ સ્થળ છે.અમેરિકાના પ્રવાસના પહેલા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિવિધ ક્ષેત્રમાં અમેરિકાની ટોચની પાંચ કંપનીઓના સીઈઓ સાથે વન-ટુ-વન મુલાકાત કરી હતી, જેમાં ન્યૂક્લિયર અને ડિફેન્સ સેક્ટરની દિગ્ગજ કંપની જનરલ એટોમિક્સ અને અમેરિકન ઓલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ કંપની બ્લેકસ્ટોનનો સમાવેશ થાય છે. જનરલ એટોમિક્સના સીઈઓ વિવેક લાલ સાથે મોદીની બેઠક ૨૦ મિનિટ ચાલી હતી. ભારત આ કંપની પાસેથી વિશ્વના સૌથી ખતરનાક ૩૦ પ્રીડેટર ડ્રોન ખરીદવા તૈયાર છે. ન્યૂક્લિયર અને ડિફેન્સ ક્ષેત્રની દિગ્ગજ કંપની જનરલ એટોમિક્સ ખતરનાક પ્રીડેટર ડ્રોનની ઉત્પાદક છે.

કંપની અગાઉથી જ ભારતને લેટેસ્ટ ડિફેન્સ ટેક્નોલોજી સપોર્ટ પૂરો પાડવા કામ કરી રહી છે. જનરલ એટોમિક્સના સીઈઓ વિવેક લાલ સાથેની બેઠકને પગલે અમેરિકાના પ્રીડેટર ડ્રોન ખરીદવાની ભારતની ઈચ્છા વહેલી તકે પૂરી થઈ શકે છે. ભારત અંદાજે ૨૨,૦૦૦ કરોડ રૂપિયામાં દુનિયાની સૌથી ખતરનાક અને આધુનિક ટેક્નોલોજીથી સજ્જ ૩૦ પ્રીડેટર ડ્રોન ખરીદવા માટે તૈયાર છે. ભારત આર્મી, નેવી અને એરફોર્સ એમ ત્રણે સેનાઓ માટે ૧૦-૧૦ પ્રીડેટર ડ્રોન ખરીદવા માગે છે. આ ડ્રોન હવામાં સતત ૩૫ કલાક સુધી ઉડ્ડયન કરી શકે છે. તે ૫૦ હજાર ફૂટની ઊંચાઈ પર ૩,૦૦૦ કિ.મી.નો પ્રવાસ કરી શકે છે. તે કહેવા માટે જ ડ્રોન છે, પરંતુ તે કોઈપણ એડવાન્સ ફાઈટર જેટ જેટલું જ સક્ષમ છે. તેના પર ખતરનાક મિસાઈલો ફીટ થઈ શકે છે. અત્યાધુનિક સર્વેલન્સ સિસ્ટમથી સજ્જ હોવાની સાથે તે ચૂપકિદીથી ટાર્ગેટ પર સચોટ હુમલો કરવામાં પણ નિપુણ છે. પ્રીડેટર ડ્રોનથી જ અમેરિકાએ ઈરાની જનરલ કાસિમ સુલેમાનીને માર્યો હતો.

## વિશ્વના લોકતંત્રના જોખમની સ્થિતિ સુધારવા ભારતનો સાથ જરૂરી : કમલા હેરીસ

વોશિંગ્ટન , તા.૨૫

અમેરિકન પ્રમુખ જો બાઈડેન દ્વારા આયોજિત ક્વાડ જૂથની સૌપ્રથમ વ્યક્તિગત બેઠકમાં ભાગ લેતાં પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન યોશિહિદે સુગાએ દ્વિપક્ષીય સંબંધોની ચર્ચા માટે વ્યક્તિગત બેઠક કરી હતી. આ બેઠકમાં તેમણે મુક્ત અને સમાવેશક ભારત-પેસિફિક પ્રદેશ પર ભાર મૂક્યો હતો. વધુમાં તેમણે અફઘાનિસ્તાન સહિત વર્તમાન વૈશ્વિક ઘટનાક્રમો અંગે ચર્ચા કરી હતી. આ બેઠકમાં બંને નેતાઓ સંરક્ષણ ઈક્વિપમેન્ટ અને ટેકનોલોજીસના ક્ષેત્રમાં આદાન-પ્રદાન સહિત દ્વિ-પક્ષીય સલામતી અને સંરક્ષણ સહયોગ વધારવા પર સંમત થયા હતા. વડાપ્રધાન મોદીએ જાપાનને તેનું મૂલ્યવાન ભાગીદાર ગણાવ્યું હતું.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના ઉપપ્રમુખ કમલા રેલી સાથેની સૌપ્રથમ વ્યક્તિગત બેઠકમાં



ભારત અને અમેરિકાને 'સ્વાભાવિક સહયોગી' ગણાવ્યા હતા. કમલા હેરિસે કહ્યું કે આખી દુનિયામાં જોખમમાં મૂકાયેલા લોકતંત્રની સ્થિતિ સુધારવા માટે ભારતના સાથને ખૂબ જ મહત્વનો ગણાવ્યો હતો. આ સાથે વ્હાઈટ હાઉસમાં બંને નેતાઓએ લોકતંત્ર, અફઘાનિસ્તાન અને ભારત-પેસિફિક જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. તેમણે ભારત-અમેરિકાના દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

વ્હાઈટ હાઉસમાં ભારતીય મૂળના સૌપ્રથમ અમેરિકન ઉપપ્રમુખ કમલા હેરીસ સાથે પ્રથમ વ્યક્તિગત બેઠક કર્યા પછી એક સંયુક્ત નિવેદનમાં પીએમ મોદીએ કહ્યું કે, ભારત અને અમેરિકાના મૂલ્યો એક સમાન છે, તેમના ભૌગોલિક-રાજકીય હિતો પણ એક સમાન છે. ભારત અને અમેરિકા વિશ્વના બે સૌથી મોટા અને સૌથી જૂના લોકતંત્રો હોવાનું નોંધતા મોદીએ જણાવ્યું હતું કે, બંને દેશો મૂલ્યો એક સમાન છે અને તેમનો સહયોગ ક્રમશઃ વધી રહ્યો છે. મોદીએ કોરોનાના મુશ્કેલ સમયમાં ભારતને સતત સાથ આપવા બદલ અમેરિકાનો આભાર માન્યો હતો. કમલા હૈરિસની પ્રશંસા કરતા મોદીએ કહ્યું કે, અમેરીકાના ઉપરાષ્ટ્રપતિ પદે થયેલી આપની ચૂંટણી એક ઐતિહાસિક ઘટના બની રહી છે. આપ વિશ્વના અનેક લોકો માટે પ્રેરણા સ્રોત સમાન છો.

કમલા હૈરિસને ભારત આવવાનું નિમંત્રણ આપતાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, 'ભારતના લોકો આપનું સ્વાગત કરવાની પ્રતિક્ષા કરી રહ્યાં છે. હું આપને ભારત આવવાનું નિમંત્રણ આપું છું.' બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોમાં આગેકૂચની પ્રશંસા કરી હતી. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યેં હતું કે, બંને નેતાઓએ કોરોના મહામારીને રોકવાના પ્રયાસો, ગંભીર બમારીઓની દવાના અવિરત પૂરવઠાની ખાતરી, ભારત-પેસિફિક પ્રદેશ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

## કોરોના પોઝિટિવ થયા બાદ આત્મહત્યા કરનારના પરિવારને ૫૦ હજાર રૂપિયા મળશે

નવી દિલ્હી ,તા.૨૫

ન્યાયમૂર્તિ એમ આર શાહ અને ન્યાયમૂર્તિ એ એસ બોપન્નાની બનેલી ખંડપીઠ સમક્ષ કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે કોરોનાના દર્દી, હોસ્પિટલમાં ભરતી અને જે ૩૦ દિવસ પછી પણ હોસ્પિટલમાં દાખલ રહ્યો હોય તો તેનું મોત કોરોનાને કારણે થયું તેમ માનવામાં આવશે.

સરકારે વધુમાં જણાવ્યું છે કે એવા કેસો જેમનો ઉકેલ આવ્યા નથી અને જેંમાં લોકોના મોત હોસ્પિટલમાં કે ઘરમાં થયા છે તેમના મોત પણ કોરોનાને કારણે થયા છે તેમ માનવામાં આવશે. કેન્દ્ર દ્વારા દાખલ એફિડેવિટમાં જણાવવામાં આવ્યું છે કે કોરોનાનો રિપોર્ટ પોઝિટીવ આવ્યા પછીના ૩૦ દિવસની અંદર આત્મહત્યા કરનાર વ્યકિતના પરિવારજનોને પણ ૫૦,૦૦૦ રૂપિયાનું વળતર આપવામાં આવશે.

## ભારત-અમેરિકા સાથે મળીને મોટા પડકારોને હરાવી શકે : પીએમ મોદી

વોશિંગ્ટન , તા.૨૫

ભારત અને અમેરિકા બંને દેશો વચ્ચે ગાઢ સંબંધો મજબૂત કરવા, એક સ્વતંત્ર અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક પ્રદેશને જાળવી રાખવા અને કોરોના મહામારીથી લઈને જળવાયુ પરિવર્તન સુધીના દરેક મુદ્દાઓ પર પીએમ મોદી સાથે ચર્ચા કરવા હું આતુર છું.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ક્વાડ શિખર બેઠક પહેલા વ્હાઈટ હાઉસમાં અમેરિકન પ્રમુખ જો બાઈડન સાથે દ્વિ-પક્ષીય બેઠક યોજી હતી. બાઈડન પ્રમુખ બન્યા પછી બંને દેશના ટોચના નેતાઓ વચ્ચે આ પ્રથમ વ્યક્તિગત બેઠક હતી. આ બેઠકમાં તેમણે અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. બેઠક દરમિયાન બાઈડેને ગાંધીજીના મૂલ્યોને યાદ કરતા કહ્યું કે આ મૂલ્યોની દુનિયાને વર્તમાન સમયમાં વધુ જરૂર છે. અમેરિકન પ્રમુખ જો બાઈડેને વ્હાઈટ હાઉસમાં પીએમ મોદીનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. અમેરિકન પ્રમુખ જો બાઈડેન સાથેની બેઠકમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, તમે અમેરિકન પ્રમુખ બન્યા પછી કોરોના મહામારી, જળવાયુ પરિવર્તન હોય કે ક્વાડ, દરેક ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પહેલ કરી છે. આ પહેલો આગામી દિવસોમાં ઘણો મોટો પ્રભાવ પેદા કરશે. ભારત માટે આ દાયકો ખૂબ જ મહત્વનો છે. ભારત અને અમેરિકા સાથે મળીને વિશ્વના અનેક મોટા પડકારોનો સામનો કરી શકે છે. બંને દેશોની પરંપરાઓ, લોકતંત્ર દુનિયા માટે ઉદાહરણરૂપ છે. પીએમ મોદીએ કહ્યું કે, બાઈડેનનું વિઝન અમારા માટે પ્રેરણાદાયી છે. આજે અમેરિકામાં ૪૦ લાખ ભારતીયો રહે છે, જે અમેરિકાને મજબૂત કરવામાં મદદ કરી રહ્યા છે. મહાત્મા ગાંધી હંમેશા કહેતા કે આપણે આ પૃથ્વીના ટ્રસ્ટી છીએ. આ ટ્રસ્ટીશિપની ભાવના પણ ભારત અને અમેરિકાના સંબંધોમાં ખૂબ જ મહત્વની છે. અમેરિકન પ્રમુખ જો બાઈડેને વ્હાઈટ હાઉસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું કે, અમારા સંબંધ પારિવારિક છે. આગામી સપ્તાહે અમે મહાત્મા ગાંધીજીનો જન્મદિન ઊજવીશું તો આપણે તેમના મૂલ્યો અહિંસા, સહિષ્ણુતા અને આદરની આજે દુનિયાને પહેલાં કરતા વધુ જરૂર છે તે આપણે યાદ રાખવાનું છે.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ

સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.

BM MAGIC WATERPROOFING

9624163945(M)

8690089211(W)

● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.

● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.

કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.

ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.

માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## વડાપ્રધાન મોદી અને કમલા હેરીસની મુલાકાતમાં આતંકવાદ વિશે ચર્ચા

કમલા હૈરિસને ભારત આવવાનું નિમંત્રણ આપતાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, ''ભારતના લોકો આપનું સ્વાગત કરવાની પ્રતિક્ષા કરી રહ્યાં છે. હું આપને ભારત આવવાનું નિમંત્રણ આપું છું.' આ પછી કમલા હૈરિસે કહ્યું હતું કે ''ભારત અમેરિકાનું એક મહત્ત્વનું ભાગીદાર છે.'' તેમણે ભારત દ્વારા કોવિદ્-૧૯ની રસીની શીશીઓની કરેલી નિકાસની પણ પ્રશંસા કરી હતી અને ભારતનાં તે અભિયાનમાં સમર્થન તેમજ સહયોગ આપવાનો અમેરિકાને ગર્વ છે. ભારત પ્રતિદિન એક કરોડ જેટલી વ્યક્તિઓને રસી મુકવાની ઝૂંબેશ ચલાવી રહ્યું છે. તેની પણ તેઓએ પ્રશંસા કરી હતી. તેઓએ આતંકવાદ સામે એક જૂથ થઈ યુદ્ધ આપવા પણ ભારપૂર્વક કહ્યું હતું.વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની યાત્રાએ છે. દરમિયાન તેઓએ અમેરિકી ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ સાથેની મુલાકાતમાં વડાપ્રધાને કોવિદ્-૧૯ મહામારીમાં ભારતને અમેરિકા દ્વારા અપાયેલા સહયોગની ભાવપૂર્ણ ભાષામાં પ્રશંસા કરી હતી. વ્હાઈટ-હાઉસમાં જ યોજાયેલી બંને નેતાઓની મુલાકાત પહેલાં એકથી એક વચ્ચેની હતી તે પછી બંને નેતાઓએ પ્રતિનિધિ મંડળો સાથે રાખીને પણ મંત્રણા યોજી હતી. નરેન્દ્ર મોદીએ કમલા હૈરિસને ભારત આવવાનું પણ આમંત્રણ આપ્યું હતું. મંત્રણાઓ દરમિયાન, કમલા હૈરિસે આતંકવાદનો મુદ્દો ઊઠાવતાં કહ્યું હતું કે : ''ત્યાં (પાકિસ્તાન)માં કેટલાંએ આતંકવાદી સંગઠનો સક્રીય છે.'' તેઓએ સ્પષ્ટતઃ કહ્યું હતું કે પાકિસ્તાન તે સંગઠનો ઉપર પગલાં ભરે જેથી અમેરિકા અને ભારતની સલામતી ઉપર અસર ન પડે. આ મંત્રણા પહેલાં જ બંને નેતાઓએ મીડીયાને સંયુક્ત કરીતે સંબોધન કર્યું હતું.

## ભારતના ૯૧ ટકા ગામોમાં સહકારી મંડળીઓ : અમિત શાહ

ન્યુ દિલ્હી, તા.૨૫

કૃષિ ક્ષેત્રમાં સરકારની સફળતા ગણાવતા ગૃહમંત્રીએ કહ્યું કે, છેલ્લાં સાત વર્ષમાં મોદીજી ઘણાં પરિવર્તન લાવ્યા છે. ૨૦૦૯-૧૦માં કૃષિ બજેટ ૧૨,૦૦૦ કરોડ રૂપિયા હતું. ૨૦૨૦-૨૧માં કૃષિ બજેટ વધારીને ૧,૩૪,૪૯૯ કરોડ રૂપિયા કરવામાં આવ્યા હતા. અમિત શાહે એવુ પણ કહ્યું કે, ભારતમાં ૯૧ ટકા ગામડાઓમાં સહકારી મંડળીઓ છે. દેશની ૫ ટ્રિલિયનની ઈકોનોમી માટે સહકારી મંડળીઓની જરૂર છે. તેમાં તેમણે મહિલાઓના યોગદાનના પણ વખાણ કર્યા છે. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, અમે નક્કી કર્યું છે કે, અમુક સમયમાં નવી સહકારી નીતિ જે પહેલાં ૨૦૦૨માં અટલજી લઈને આવ્યા હતા અને હવે ૨૦૨૨માં મોદીજી લઈને આવશે. આઝાદીના અમૃત મહોત્સવમાં નવી સહકારી નીતિ બનાવવાની અમે શરૂઆત કરીશું. તેમણે કહ્યું કે, ભારત સરકારનું સહકારી મંત્રાલય દરેક રાજ્યોને સાથે લઈને ચાલવામાં માને છે. સરકારી મંડળીઓના મૂળ સુધી પહોંચવાનું કામ આ મંત્રાલય દ્વારા કરવામાં આવશે.

ગૃહમંત્રીએ કહ્યું કે, ગ્રામીણ વિસ્તારમાં દરેક વંચિત લોકો સુધી વિકાસ પહોંચાડવાની જવાબદારી સહકારી મંડળીઓની છે. સહકારી મંત્રાલય કો-ઓપરેટિવ સંસ્થાને મજબૂત કરશે, તેમને આગળ વધારશે. તેમને આધુનિક બનાવશે, તેમના પારદર્શક બનાવશે.દેશમાં આજે પહેલીવાર સહકારી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં સહકારી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનનમાં કેન્દ્રીય ગૃહ અને સહકારી મંત્રી અમિત શાહ હાજર રહ્યા હતા.

આ દરમિયાન તેમણે કહ્યું કે, આપણે કામનો વિસ્તાર વધારવાનો છે. તેમણે કહ્યું કે, ભારતના સંસ્કારોમાં સહકારની ભાવના છે. તેમણે કહ્યું કે, ગરીબો અને પછાતવર્ગના વિકાસ માટે સહકાર ખૂબ જરૂરી છે. અમિત શાહે તેમના સંબોધનમાં કહ્યું હતું કે, સહકારી મંડળીના લોકો કોઈ પરિપત્ર નથી જોતા, કોઈ પણ મુશ્કેલી આવતા મદદ માટે તૈયાર થઈ જાય છે. સહકારી મંડળીઓ પૂર હોય, સાઈક્લોન હોય કઈ પણ મુશ્કેલી હોય તેઓ મદદ કરવા માટે હંમેશા તૈયાર હોય છે. સહકારી મંડળીઓના ઘણાં ઉતાર-ચઢાવ જોયા છે.

## તંત્રી સ્થાનેથી...

# ધરતી,જળ-વાયુને પ્રદુષિત કરતા ઝેરી પ્રદૂષણો વિશ્વના દેશો ક્યારે રોકશે...?

દેશમાં જળ-વાયુ પ્રદૂષણમાં મોટાભાગે નાના- મોટા ઉદ્યોગો વધુ જવાબદાર છે. છેલ્લા કેટલાક વર્ષોથી લોકોપયોગી નદીઓમામાં ગંદા પાણી નિકાલના ગેરકાયદેસર જોડાણો કરી જે તે કેટલીક નગરપાલિકાઓ અને કેટલીક મહાનગરપાલિકાઓ પણ લોકોપયોગી નદીઓના પ્રદુષણ વધારી રહ્યા છે. દેશનાં વિવિધ રાજ્યોમાં નદીઓને પ્રદૂષણ મુક્ત રાખવા સરકારનું ખાસ તંત્રો પણ છે. પરંતુ આ તંત્રને નદીમાં કે હવામાં છોડવામાં આવતા પ્રદૂષણની કાંઈ જ પડી નથી. સરકાર હસ્તકનું પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કેવી કામગીરી કરે છે તેનો અણસાર પ્રજાજનોને પણ થવા લાગ્યો છે. નજરે દેખાતું નદીમાંનુ પાણી પ્રદૂષણ અંગેના પુરાવા સહિત ની ફરિયાદો કરવામાં આવે કે તેને જાહેરમાં પ્રસિદ્ધિ આપવામાં આવે છે અને તે પણ વારંવાર છતા આવી બાબતોને કોઈ અસર પ્રદૂષણ બોર્ડને થતી નથી.... એ જ હાલત મનપા આરોગ્ય વિભાગની છે. જાણે છે કે નદીના પાણીનો ઉપયોગ લોકો પીવામાં તેમજ ખેતીમાં વધુ કરે છે અને પ્રદૂષિત પાણીને કારણે લોકો વિવિધ રોગોનો ભોગ બને છે. ત્યારે તેની ફરજ નથી કે તે નદીઓમાં ઝેરી કેમીકલયુક્ત પ્રદુષિત પાણી છોડતા તથા જે-તે નદી વિસ્તારમાં ગટર કનેક્શન દ્વારા નદીમાં છોડાતા ગંદા પ્રદૂષિત પાણી રોકવા પગલાં લઈ શકે....? જોકે હવે જન માનસમાં એક જ વાત સાબિત થઈ ગઈ છે કે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કે મ્યુ. આરોગ્ય તંત્ર એટલે "નામ બડે ઔર દર્શન ખોટે". આમ લોકોમાં એવી ચર્ચા છે કે તંત્ર પ્રજાના સ્વાસ્થ્યની સંભાળ રાખવા શા માટે કોઈ પગલાં લેતું નથી....? કે પછી આંતરિક પ્રસાદમ્ અર્પણ નીતિ છે....?! અને આ પ્રદુષણમાં વધુ ઉમેરો પ્લાસ્ટીક વેસ્ટેજનો થયો છે. તેમાં પણ પીવાના પાણીની ખાલી બોટલો, જે તે ખાદ્ય પદાર્થો પેકીગ પાઉચનો વેસ્ટ, તમાકુ ગુટકા વેસ્ટ તથા ૫૦ માઈક્રોનથી નીચા પ્લાસ્ટિક કે જેનો ઉપયોગ પેકિંગ માટે, સમાન ભરવાના ઝબલા કે થેલી તરીકે થાય છે. તેનું વેસ્ટ પણ વધુ પ્રમાણમાં પ્રદુષણ ફેલાવવામાં મદદ કરે છે. જે હકીકતો સરકારી તથા અર્ધ સરકારી તંત્ર જાણે છે..... પરંતુ ક્યા કારણે આવા પ્રદૂષણ રોકવા આકરા પગલા લેવામા આવતા નથી.....? તે સૌથી મોટો પેચીદો પ્રશ્ન છે.....!

વર્ષો પહેલા પ્લાસ્ટિકની શોધ થઈ ત્યારે તે શોધને ક્રાંતિકારી ગણવામાં આવેલ અને આજે એજ શોધ વિશ્વભરના દેશો માટે માથાનો દુખાવો સાબિત થઈ ગઈ છે. પ્લાસ્ટિક જમીનમાં ઉતરતા પાણી રોકે છે, નદીઓમાં વહેતા પાણી રોકવામાં કે પાણીની ઝડપ ઘટાડવામાં મહત્વનો ભાગ ભજવે છે... પરિણામે ધરતી પણ કસ વિહીન થતી જઈ રહી છે. તેમાં પણ પ્લાસ્ટિક પ્રદૂષણનો ભાગ વધું છે. વિશ્વભરના દેશોમાં એક પણ ઘર, વેપાર-ધંધાનુ સ્થળ એવુ નહી હોય કે જ્યાં પ્લાસ્ટિકમાંથી બનેલી જે તે ચીજ વસ્તુઓનો ઉપયોગ થતો નહી હોય. વૈશ્વિક આંકડા દર્શાવે છે કે પ્લાસ્ટિક શોધ પછી ૭૦ વર્ષ દરમિયાન અત્યાર સુધીમાં સમગ્ર વિશ્વમાં ૮.૩ અબજ ટન પ્લાસ્ટિકનું નિર્માણ થયું છે, અને તે પૈકીના વેસ્ટમાંથી માત્ર ૨૦ ટકા વેસ્ટનુજ રિસાયક્લિંગ થયેલ છે. તો ભારતમાં ૨૬ હજાર મેટ્રીક ટનથી વધુ પ્લાસ્ટિક કચરો પેદા થાય છે, જેમાં વધુ પ્રમાણમા પ્લાસ્ટિક કચરો શહેરોમાં પેદા થાય છે. જ્યારે કે કુલ પ્લાસ્ટિકનું નિર્માણ થયું છે તેમા અડધો અડધ સિંગલ પ્લાસ્ટિકનુ ઉત્પાદન છેલ્લા ૨૦ વર્ષમાં થયું છે અને આ સિગલ પ્લાસ્ટીક ઉત્પાદનોને સૌથી વધુ નુકસાન ધરતી, પશુ- પંખીને કર્યું છે તો માનવ જીવોને વિવિધ ગંભીર રોગોના ભોગ બનાવ્યા છે.અને તેમાં પણ નદીઓના વહેણ અટકાવી ફળદ્રુપ જમીનોને બંજર બનાવી છે.... પરિણામે તેની અસરો કૃષિ ઉત્પાદનો પર થઈ છે- કૃષિ ઉત્પાદનો ઓછા થવા લાગ્યા છે. આ બધું છતાં માનવ હિતમાં જળ- વાયુ પ્રદૂષણ રોકવા કોઈપણ દેશની સરકાર કે તેનું તંત્ર આકરા પગલા લેવા તૈયાર નથી....! કારણ શું તે કોઈ સમજી શકતું નથી. જો કે ભારત સરકારે સિગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય લીધો છે... પરંતુ તેનો અમલ ૨૦૨૨ જુલાઈ થી કરવામાં આવશે. ભારત સરકારનુ આ એક આગવું હિતકારી પગલુ છે.... આવકારદાયક છે. પણ અમલ કેટલો થાય છે તે તો આવનારો સમય બતાવશે.....!

વંદે માતરમ્

### ક્રૂડ પામતેલમાં ૧,૧૦,૩૩૦ ટનના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સાર્વત્રિક સુધારો

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૦ અને ચાંદીમાં રૂ.૨૮૮નો ઘટાડોઃ ક્રૂડ તેલમાં વૃદ્ધિઃ કોટનમાં ઉછાળોઃ મેન્થા તેલ, રબરમાં નરમાઈ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૭ થી ૨૩ સપ્ટેમ્બરના સપ્તાહ દરમિયાન ૨૦,૩૯,૨૪૮ સોદાઓમાં કુલ રૂ.૧,૬૦,૮૬૯.૭૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના સપ્ટેમ્બર વાયદામાં ૩૧૧ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ઓક્ટોબર વાયદામાં ૮૨૫ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં એમસીએક્સ પર સોના-ચાંદીમાં ૯,૪૪,૯૫૭ સોદાઓમાં કુલ રૂ.૪૬,૧૧૭.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૪૬,૧૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૬,૭૯૯ અને નીચામાં રૂ.૪૫,૮૫૩ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૦ ઘટી રૂ.૪૬,૦૫૬ના ભાવે બંધ થયો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૫૪ ઘટી રૂ.૩૭,૦૬૪ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૩ ઘટી રૂ.૪,૫૯૭ના ભાવે બંધ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬,૦૯૦ના ભાવે ખૂલી, રૂ.૩૭ ઘટી રૂ.૪૬,૦૮૩ના ભાવે બંધ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૧,૧૬૮ સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૧,૬૭૨ અને નીચામાં રૂ.૫૯,૨૨૨ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૮૮ ઘટી રૂ.૬૦,૭૮૯ બંધ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩૨૨ ઘટી રૂ.૬૧,૦૨૪ અને ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩૩૧ ઘટી રૂ.૬૧,૦૦૯ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં એમસીએક્સ પર ૧,૯૩,૮૯૫ સોદાઓમાં રૂ.૩૫,૬૮૬.૨૦ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭.૪૫ વધી રૂ.૨૩૫.૭૫ અને જસત સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૧.૮૫ વધી રૂ.૨૬૬ના ભાવે બંધ થયો હતો. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૯.૨૦ ઘટી રૂ.૭૧૨.૬૫ અને નિકલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૧.૪ વધી રૂ.૧,૪૮૧.૭૦ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪.૨૦ વધી રૂ.૧૯૧ના ભાવે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં એમસીએક્સ પર ૫,૩૯,૫૬૮ સોદાઓમાં કુલ રૂ.૪૨,૮૦૭.૯૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૫,૩૪૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫,૪૩૪ અને નીચામાં રૂ.૫,૧૩૪ સુધી જઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૮૦ વધી રૂ.૫,૪૨૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૨.૬૦ ઘટી રૂ.૩૬૬.૯૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં એમસીએક્સ પર ૧૨,૭૫૬ સોદાઓમાં રૂ.૧,૪૭૬.૪૨ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૧,૩૭૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૪૨૫ અને નીચામાં રૂ.૧૩૬૯.૫૦ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૪ વધી રૂ.૧,૪૨૨.૫૦ બંધ થયો હતો. આ સામે રબર સપ્ટેમ્બર વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૩૮૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૭,૬૫૦ અને નીચામાં રૂ.૧૬,૭૫૦ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૪૭૬ ઘટી રૂ.૧૬,૮૩૬ના ભાવે બંધ થયો હતો. સીપીઓ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૧૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૧૨૯.૫૦ અને નીચામાં રૂ.૧૧૦૨ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૨.૯૦ વધી રૂ.૧૧૨૭.૮૦ બંધ થયો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩૬.૯૦ ઘટી રૂ.૯૨૨.૨૦ અને કોટન ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૨૦૦ વધી રૂ.૨૫,૮૧૦બંધ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૨,૧૨,૯૮૪ સોદાઓમાં રૂ.૨૨,૪૬૩.૫૨ કરોડનાં ૪૮,૫૧૨.૨૮૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૭,૩૧,૯૭૩ સોદાઓમાં કુલ રૂ.૨૩,૬૫૩.૯૬ કરોડનાં ૩,૯૦૩.૦૪૦ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૩,૬૩૮.૯૭ કરોડનાં ૧,૫૮,૩૯૫ ટન, જસતના વાયદાઓમાં રૂ.૩,૮૭૮.૮૫ કરોડનાં ૧,૫૧,૭૩૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧૫,૨૮૪.૬૦ કરોડનાં ૨,૧૫,૪૪૨.૫૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૧૧,૭૭૨.૬૯ કરોડનાં ૮૦,૭૧૨ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧,૧૧૧.૦૯ કરોડનાં ૬૦,૦૧૫ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧,૩૭,૭૦૩ સોદાઓમાં રૂ.૧૧,૪૪૬.૫૩ કરોડનાં ૨,૧૬,૮૩,૧૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૪,૦૧,૮૬૫ સોદાઓમાં રૂ.૩૧,૩૬૧.૪૪ કરોડનાં ૮૪,૮૬,૭૫,૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૧૭ સોદાઓમાં રૂ.૦.૪૭ કરોડનાં ૬૮ ટન અને કોટનના વાયદાઓમાં ૧,૮૧૭ સોદાઓમાં રૂ.૧૪૧.૪૦ કરોડનાં ૫૫૬૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૨,૮૪૫ સોદાઓમાં રૂ.૧૦૭.૮૧ કરોડનાં ૧૧૫૯.૫૬ ટન, રબરના વાયદાઓમાં ૨૧૪ સોદાઓમાં રૂ.૪.૧૮ કરોડનાં ૨૪૫ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૭,૮૬૩ સોદાઓમાં રૂ.૧,૨૨૨.૫૬ કરોડનાં ૧,૧૦,૩૩૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં એમસીએક્સ પર ૧૯,૦૦૫.૨૪૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૫૨.૭૭૨ ટન, એલ્યુમિનિયમમાં ૧૮,૭૧૫ ટન, જસત વાયદામાં ૮,૮૬૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૧,૦૪૫૦ ટન, નિકલ વાયદામાં ૨,૨૩૯.૫૦૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૮,૧૫૦ ટન, ક્રૂડ તેલમાં ૭,૮૭,૫૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૧૯,૧૭,૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૬૪ ટન, કોટનમાં ૫૬૩૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૫૧૫.૫૨ ટન, રબરમાં ૬૭ ટન, સીપીઓમાં ૮૪,૫૮૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૨૨,૩૯૦ સોદાઓમાં રૂ.૧,૮૭૪.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૧૧,૬૦૮ સોદાઓમાં રૂ.૮૯૭.૬૮ કરોડનાં ૧૩,૦૧૪ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧૦,૭૮૨ સોદાઓમાં રૂ.૯૭૬.૬૦ કરોડનાં ૧૨,૨૦૩ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે બુલડેક્સ વાયદામાં ૨,૪૪૦ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૦૧૨ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૩,૮૫૯ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૩,૯૩૧ અને નીચામાં ૧૩,૬૨૦ના સ્તરને સ્પર્શી, ૩૧૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૯ પોઈન્ટ ઘટી ૧૩,૭૫૪ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૬,૧૨૦ના સ્તરે ખૂલી, ૮૨૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૨૬ પોઈન્ટ વધી ૧૬,૨૧૮ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, એમસીએક્સ પર કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૩,૨૫,૬૮૨ સોદાઓમાં રૂ.૩૨,૯૦૭.૩૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯,૭૬૬.૨૦ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૨૧.૫૬ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૨,૫૦૭.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

# ચારધામ સફળ યાત્રા એલ્કોન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ.અમદાવાદ




સમગ્ર ભારતમાં ૨૦૨૧ ની ઉત્તરાખંડ ચારધામની યાત્રા ની સૌપ્રથમ શરૂઆત અમદાવાદના જુના અને જાણીતા એલકોન ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ ના સંચાલક નિલેશ રાવલ દ્વારા કરવામાં આવી..તેમની ટુર ના યાત્રીઓ સાથે તેઓ ૧૨/૯/૨૧ ના રોજ હરદ્વાર પહોંચી જઈ ગંગા સ્નાન.ઋષિકેશ,ગાહેરદું યાત્રા કરી સરકાર તરફથી ચારધામ યાત્રા ની કાનૂની મંજૂરી મળે તેની રાહ જોતા ૧૭/૯/૨૧ ના રોજ તેમને નીલકંઠ થી ગંગોત્રી,યમનોત્રી,કેદારનાથ,બદ્રીનાથ ની યાત્રા ૨૬/૯/૨૧ સુધી માં પૂરી કરવાનો લક્ષ્યાંક બનાવી યાત્રા કરી રહ્યા છે.ત્યાંના સ્થાનિક કલેકટર દ્વારા પણ સૌ પ્રથમ ટુર નું સ્વાગત કરવામાં આવ્યું હતું..મોટેભાગે પરિવાર ના સભ્યો ની આ ટુર વિકટ સંજોગોમાં પણ સફળ રીતે તેઓ પાર પાડી રહ્યા ના સમાચાર છે છેલ્લા ૨૫ વર્ષ થી અસંખ્ય યાત્રીઓ ને ચારધામ ની સફળ યાત્રાઓ સંચાલક શ્રી કરાવી ચૂક્યા છે..

# સાહિત્ય અકાંદામી ના અધ્યક્ષ શ્રી વિષ્ણુ પંડ્યા સાહેબની શુભેચ્છા મુલાકાત




ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટ્રે બલ ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી અને મહાત્મા ગાંધી સાહિત્ય સેવા મંચ ના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ તથા ટ્રસ્ટના સંગઠન મંત્રી શ્રી મહેન્દ્ર ભાઈ ચૌહાણ દ્વારા આદરણીય શ્રી વિષ્ણુ પંડ્યા સાહેબ ની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી આ પ્રસંગે ×વૈશ્વિક પરિપ્રેક્ષ્ય મેં ગાંધીજી ઔર અન્ય શોધ × હિન્દી પુસ્તક ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર દ્વારા ભેટ આપવામાં આવ્યું હતું. આ પુસ્તક ની ઈ બુક પ્રકાશિત કરવામાં આવી હતી તે સમયે આદરણીય શ્રી વિષ્ણુ પંડ્યા સાહેબ દ્વારા ઑન લાઈન વિમોચન કરવામાં આવ્યું હતું. આદરણીય શ્રી વિષ્ણુ પંડ્યા સાહેબ દ્વારા ડૉ ગુલાબચંદ પટેલ ને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા

ડૉ ગુલાબચંદ પટેલ

અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર ઈ ૮૮૪૯૭૯૪૩૭૭

# ઈમરાન ખાનને જડબા તોડ જવાબ આપનાર ભારતના યુવાન ઓફિસર સ્નેહા દુબે

પાકિસ્તાન , તા.૨૫

ઈમરાનને તેમના ભાષણ પર ભારતની ફર્સ્ટ સેક્રેટરી સ્નેહા દુબેએ બરાબરનો ઉધડો લીધો. તેમણે કહ્યું કે આ પહેલી વખત નથી બન્યું જ્યારે પાકિસ્તાની નેતાઓેં દ્વના મંચનો ઉપયોગ ભારતની વિરૂદ્ધ ગંદા અને ખોટા પ્રોપગેન્ડા ફેલાવા માટે કર્યો હોય અને બેકારમાં દુનિયાનું ધ્યાન પોતાના દેશની બગડતી સ્થિતિને હટાવાની કોશિશ કરી છે જ્યાં આતંકી આરામથી રહે છે જ્યારે સામાન્ય લોકો ખાસ કરીને લઘુમતીઓનું જીવવું મુશ્કેલ થઈ ગયું છે.






સ્નેહાએ કહ્યું હતું કે સભ્યો જાણે છે કે પાકિસ્તાનનો ઈતિહાસ અને નીતિ આતંકીઓને આશરો, મદદ અને ખુલ્લેઆમ સપોર્ટ કરવાનો છે. આ એવો દેશ છે જેના માટે આખી દુનિયાએ માન્યું છે કે અહીં સરકારી નીતિ જ આતંકીઓને સપોર્ટ, ટ્રેનિંગ, નાણાંકીય અને હથિયારોમાં મદદ કરવાની રહી છે. તેમનો શરમજનક રેકોર્ડ દ્વજીઝમાં ઓળખાયેલ આતંકીઓને આશરો આપનારો રહ્યો છે. સ્નેહાએ સંયુકત રાષ્ટ્રની સામે સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું કે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખનો આખો કેન્દ્રશાસિત પ્રદેશ ભારતનું અભિન્ન અંગ રહ્યું છે અને રહેશે. તેમાં એ હિસ્સો પણ સામેલ છે જે પાકિસ્તાને ગેરકાયદે પડાવી લીધો છે. અમે પાકિસ્તાનને આ વિસ્તાર ખાલી કરવાની માંગણી કરીએ છીએ.પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાને ફરી એકવખત આંતરરાષ્ટ્રીય મંચ પર ભારત વિરૂદ્ધ ઝેર ઓકયું પરંતુ જવાબમાં ભારતની ફર્સ્ટ સેક્રેટરી સ્નેહા દુબેએ પાકિસ્તાનની બોલતી બંધ કરી દીધી.

સંયુકત રાષ્ટ્ર મહાસભાના ૭૬મા સત્રમાં ભાષણ દરમ્યાન કાશ્મીરના મુદ્દા પર ઈમરાન ખાને ભારતને ઘેરવાની કોશિશ કરી તો સ્નેહાએ તેમને અરીસો દેખાડી દીધો. સ્નેહા દુબે એ યાદ અપાવી કે આખી દુનિયા માને છે કે પાકિસ્તાનની જમીન પર આંતકવાદ ઉછરે છે અને ખુલ્લેઆમ તેને સપોર્ટ કરાય છે. તેમણે પાકિસ્તાન સામે સીધે સીધી માંગણી કરી કે ગેરકાયદે રીતે પચાવી પડેલા કાશ્મીરના હિસ્સાને તાત્કાલિક ખાલી કરી દો. તેમણે યુએનમાં પાકિસ્તાનને 'રાઈટ ટુ રિપ્લાય'નો ઉપયોગ કરી ઈમરાન ખાનને અરીસો દેખાડી દીધો છે. સોશિયલ મીડિયામાં લોકો સ્નેહા દુબે કોણ છે? તે જાણવાની કોશિશ કરી રહ્યાં છે. ભારતની તરફથી સંયુકત રાષ્ટ્ર મહાસભામાં ફર્સ્ટ્ સેક્રેટરી સ્નેહા દુબેએ ૨૦૧૧ની સાલમાં પહેલાં જ પ્રયાસમાં સિવિલ સર્વિસીસની પરીક્ષા પાસ કરી હતી. ૨૦૧૨ની બેચના મહિલા અધિકારી છે.ૈંહ્લજી બન્યા બાદ તેમની નિમણૂક વિદેશ મંત્રાલયમાં થઈ. તેમને ૨૦૧૪માં ભારતીય દૂતાવાસ મેડ્રિડમાં મોકલાયા. હાલના સમયમાં તેઓ સંયુકત રાષ્ટ્ર મહાસભામાં ભારતના પ્રથમ સેક્રેટરી છે. ગોવામાં મોટા થયેલા સ્નેહા પૂણેની ફર્ગ્યૂસન કોલેજમાંથી ગ્રેજ્યુએશન કર્યા બાદ નવી દિલ્હીની જવાહરલાલ યુનિવર્સિટીમાંથી જિયોગ્રાફીમાં માસ્ટર્સનો અભ્યાસ કર્યો. તેઓ હંમેશાથી ઈન્ડિયન ફોરેન સર્વિસમાં જોડાવા માંગતા હતા. આંતરરાષ્ટ્રીય મુદ્દામાં દિલચસ્પીના લીધે તેમણે ત્નદ્ગેંમાં સ્કૂલ ઓફ ઈન્ટરનેશનલ સ્ટડીઝમાં એમફીલનો અભ્યાસ પૂરો કર્યો. ફરવાના શોખીન સ્નેહાનું માનવું છે કે ૈંહ્લજી બનીને તેમને દેશનું પ્રતિનિધિત્વ કરવાની સૌથી શ્રેષ્ઠ તક મળી છે. સ્નેહા દુબેએ એક વખત કહ્યું હતું કે તેમના પરિવારમાંથી કોઈપણ સિવિલ સેવામાં નથી.

# સ્વેચ્છામૃત્યુ/Euthanasia વિશેની કવર સ્ટોરી






યોગેન્દ્રભાઈ વ્યાસ અને તેમનાં પત્નીએ લીધેલા સ્વેચ્છામૃત્યુના વિકલ્પ પછી તેના વિશે થોડીઘણી ચર્ચા ચાલી રહી છે. તેના સંદર્ભે અગાઉ લખેલી એક સ્ટોરી. તેની વિગતો ચર્ચામાં ઉપયોગી નીવડી શકે. બાવીસ વર્ષમાં બીજું ઘણું બદલાયું હશે, પણ સ્ટોરીમાં રહેલી મૂળભૂત વિગતો અને તર્ક બદલાયાં નથી. એ વખતે Euthanasiaનો ઉચ્ચાર યુથેન્સિઆ લખ્યો હતો, જે યુથેનેસિઆ કહેવાય છે, તેની જાણ પછી થઈ હતી. એ સ્ટોરીનાં બંને પાનાં અહીં મુકું છું. તેની પર ક્લિક કરવાથી મોટી અને વાંચી શકાય એવી ઈમેજ ખુલશે.

ઉર્વીશ કોઠારી




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની છ રચનાઓ

વિષય :." ગણેશોત્સવ,ગણેશજી નું શાસ્ત્રોક્ત મહત્વ વિષયક રચનાઓ(૨૬-૯-૨૦૨૧)દિવસ - ૫

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

-----------------------------------------------

NOG SS NO - 105
વિષય - ગણેશોત્સવ
પ્રકાર - પદ્ય
શીર્ષક - વિઘ્નહર્તા ગણેશજી

વિઘ્નહર્તા એકદંત ચારભૂજાધારી
આપના વિશેષણો છે અતિભારી
મૂષકરાજ ઉપર બેસી ચાલે સવારી તમારી
આપના નામથી દૂર થતી વિપદાઓ અમારી
હર શુભ કાર્યમાં થાય સ્થાપના તમારી
પૂજા-અર્ચનાથી આપની ઈચ્છાઓ પૂરી થતી અમારી
માતા - પિતાને સહુ તીર્થ માની પ્રદક્ષિણા કરતા તમે
તેઓની હર આજ્ઞા માથે ધરતા તમે
મુંબઈગરાઓ આપનો ગણેશોત્સવ કેવો મનાવે ભારી
સહુ ભક્તજનો આપની મૂર્તિ સજાવે કેવી ન્યારી
આપના વિસર્જનનો પ્રસંગ હોય છે દમદાર
આભ પણ તમારા માનમાં એ દિવસે વરસે અનરાધાર
સહુ પર કૃપા વરસાવજો એક જ છે વિનંતી
આપના આશિષથી પલટાઈ જાય અમારી નિયતિ

અલ્પા શાહ.મલાડ.મુંબઈ

-----------------------------------------------

NOG SS No :- 0038
વિષય :-ગણપતિ,
વિભાગ :-પદ્ય
શીર્ષક :-ગણપતિ દાદા.

તારાથી થાય શુભકામનો પ્રારંભ ,
તારી કૃપાથી થાય જીવન સમૃદ્ધ .
દુંદાળા કહી બોલાવે ભક્તો તને,
શિવજીનો ને પાર્વતીજી નો લાડલો ગણેશ..
રિદ્ધિ સિદ્ધિનો સ્વામી તું કહેવાતો,
તારો જગમાં જોટોના જડતો.
કાર્તિકેયનો ભાઈ તું વ્હાલો,
લાલબાગના બાદશાહથી ઓળખાતો.
કોટીકોટી નમન ગણપતિદાદા તમને,
આશીર્વાદ આપજો રહીએ સુખી અમે.
ના કરીયે ક્યારેય ખોટું કોઈનું
"આકાંક્ષા" માગે થાય ભલું સૌનું.

શીલાપટેલ "આકાંક્ષા"

-----------------------------------------------

NOG.S.S.No : 0099
વિષય : ગણેશોત્સવ
પ્રકાર : પદ્ય
શીર્ષક : કષ્ટો હરવા આવ્યા
શબ્દો : ૬૮

ભાદરવા માસે ગણેશ, પૃથ્વી પર ફરવા આવ્યા,
ભક્તોની આજીજી સુણી, કષ્ટો હરવા આવ્યા.
બાળકોએ માટી ખૂંદીને, સુંદર મૂર્તિ બનાવી,
ખોબેખોબે દુર્વા ચડાવી, ફૂલો ને મોતીડે વધાવી.
ઘરેઘરેથી નિત્ય, ભોજનનો રસથાળ આવ્યો,
છપ્પન જાતના ભોગ ને લાડુનો પ્રસાદ ધરાવ્યો.
ઢોલક, મંજીરા ને ખંજરીનો, નાદ સઘળે ગુંજે,
વારાફરતી સૌ ભક્તજનો, ગણપતિબાપાને પૂજે.
અબીલ ને ગુલાલ ઉડાડી, બાપાને વિદાય કર્યા,
ભક્તોની આંખલડીમાંથી 'ભાવ'ના આંસુ સર્યા.

ભાવનાબેન મિસ્ત્રી 'અભય' વલસાડ

-----------------------------------------------

NOG SS No. - 0063
વિષય - ધર્મશાસ્ત્ર, વિધિવિધાનમાં ગણેશજીનું મહત્વ
પ્રકાર - ગદ્ય
શીર્ષક - છ ભુજાધારી : સમજ અને સંકેત

ગણપતિદાદા,ગણેશજી, વિઘ્નહર્તાના જન્મ, પિતા દ્વારા શીરચ્છેદ, ગજમુખનું એજ પિતા દ્વારા આરોપણ અને સર્વપ્રથમ સ્થાપનાનું, પૂજાનું વરદાન વગેરે વિશે બાળપણથી અનેક કથાઓ આપણે સાંભળી છે.એ કથાઓ આપણાં જીવનમાં વણાઈ ગયેલી છે. એટલેજ ગણેશજીના નામ માત્રના ઉચ્ચારણ સાથે જ આ વિવિધ કથાઓ આપણાં સ્મૃતિપટ ઉપર આવી જાય છે. એજ રીતે એમની વિશિષ્ટ શરીરરચનાએ પણ આપણામાં હંમેશાં કુતૂહલ ઉત્પન્ન કર્યુ છે.

આ જન્મથી લઈ દેખાવ સુધીની દરેક કથાઓ પાછળના મર્મને પામવાની કોશિશ લગભગ આપણે ક્યારેય કરી નથી કે કરતાં નથી! જેમ બાળકને કોઈ સંદેશ કે વાત કથા રુપે કે ઉદાહરણ આપી સમજાવવાથી ઝડપથી સમજાય, ગળે ઉતરી જાય અને લાંબા સમય સુધી યાદ રહે છે. એજ રીતે આપણાં શાસ્ત્રોએ ગણેશજીની ઉત્પત્તિ, ક્રિયા, પ્રક્રિયા વગેરેને કથા સ્વરૂપે મૂકી એનાં મર્મને સરળ, સર્વવ્યાપી અને સર્વદા બનાવવાની, રાખવાની કોશિશ કરી છે.

આ પ્રથમ પૂજનીય વિઘ્નહર્તાનુ બારીકાઈથી નિરીક્ષણ કરતાં એમનાં હાથમાં રહેલાં અનેક આયુધો કે વસ્તુઓ આપણું ધ્યાન અવશ્ય ખેંચે છે.
શું મહત્વ છે?
શું તાત્પર્ય છે?
શું ગૂઢતા છે? આની પાછળ...

સર્વપ્રથમ એમનાં એક હાથમાં કુહાડી છે. કુહાડી ખરેખર શેનું પ્રતીક છે? કાપવાનું, નાશનું, વિચ્છેદનું..તોએ શેનો નાશ કરવાનું સૂચવે છે? મનુષ્યની અંદર રહેલી બદીઓ, વૈમનસ્ય, વિકાર, નકારાત્મક ઊર્જા વગેરે સર્વવિનાશની સુચિતા છે આ કુહાડી. ત્યારબાદ દોરી. સામાન્ય રીતે દોરીનુ કામ બાંધવાનું છે. અહી પણ મનુષ્યમાં રહેલી મર્યાદા, અનુશાસન, હકારાત્મક અભિગમ, સમતા, સમતુલાને અંતરમનમાં સંગ્રહિત કરી જીવનને પલ્લવીત કરવાની વિચારધારા છે. તૃતીય ત્રિશૂળ. આ ત્રિશૂળ એટલે ત્રણ કાળ ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યની ગતિ અને ફલશ્રુતિ.અહી ભૂતકાળમાં થયેલા કાર્યો અને ભૂલોને ધ્યાનમાં લેવાની અને એનાં અનુસંધાને વર્તમાનમાં વર્તનની સમજુતી દ્વારા ભવિષ્યના ઘડતરની શીખ છે. મતલબ, જે આપશો એજ પામશો. ગણેશજી અને મોદક તો એકબીજાનાં પર્યાય છે. આ એક હાથમાં રહેલ મોદક જિંદગીના સફરમાં કણકણ ભેગા કરવાં માટે અથાગ મહેનત કરીને સફળતાની મીઠાશ પામવાનું, માણવાનું દ્રશ્યમાન થાય છે. આ મોદક એમણે એકલાએ ખાઈ જવાનું નથી સુચવ્યું પરંતુ ખુલ્લાં હાથમાં ધરી, સહુને સમર્પિત કરવાનો સંદેશ ફલિત થાય છે. આ સફળતા મહીમામંડન કે અહંકારને નહીં પણ મીઠાશની વહેંચણીનો સંદેશો પાઠવે છે. વળી એક હાથમાં કમળપૂષ્પ ધારણ કરેલું છે. કમળની ઉત્પત્તિ અને વિકાસ કીચડમાં હોવા છતાં એ બધાથી પર છે. એટલેકે સુંદરતા, સુગંધ સર્વેની પ્રાપ્તિ છતાંય અહંકારના કીચડથી ઉપર રહી નિર્લેપ, નિરાળા રહેવાનો બોધ આપે છે. સાથેસાથે જીવનસંઘર્ષથી પણ ભાગવાનું નથી.જળકમળવત્ વર્તન સર્વશ્રેષ્ઠ છે. અંતિમ એટલે કે છઠ્ઠો હાથ હંમેશાં આશીર્વાદ મુદ્રામાં છે. જે પણ, જેટલું પણ મેળવ્યું એ અહીંથીજ મેળવ્યું તો એને અહીં જ આશીર્વાદરૂપે, વરદાનરૂપે પરત કરવાનું સુચન છે.આ સંજ્ઞા, આ ક્રિયા જે જેવું છેનો સ્વીકાર કેળવી શકીએ તો જ શક્ય છે. અર્થાત સ્વીકાર અને આશીર્વાદ એ અંતિમ સત્ય છે.

અતઃ ગણનાયકની આ છ ભુજાઓની સંજ્ઞાઓ મનુષ્યજીવનની પથદર્શક છે.

રીટા ભાયાણી.

-----------------------------------------------

NOG SS NO- 0050
વિષય - ધર્મ શાસ્ત્ર, વિધિ વિધાનમાં, ગણેશજીનું મહત્વ.
પ્રકાર - પદ્ય
શીર્ષક - વલસાડ નું ભવ્ય મંદિર.

દક્ષિણ ગુજરાતના વરસાડ જિલ્લામાં ગણપતિ નું ભવ્ય મંદિર છે. આ મંદિર ખૂબ જ પ્રાચીન છે. મૂર્તિ ચમત્કારી છે?. સિદ્ધિ પ્રદાન કરનારી છે. મોટા બજાર ની વચ્ચે જ આવેલું આ મંદિર જીર્ણોદ્ધાર કાર્ય તેમના ભક્તો દ્વારા કરાયેલું છે. મુર્તિ પ્રભાવશાળી છે અને મોટી પણ છે. લગભગ ૨૦૦થી ૩૦૦ વર્ષ પુરાણું મંદિર છે. કેટલીક દંતકથાઓ પણ છે લોકોમાં પ્રચલીત છે.

લોકવાયકા..!

વ્યાપારીનું વહાન ડૂબ્યું ને પૂજારીએ કહ્યું..,
"તે મળશે જ "..!

એક વખત વલસાડના એક વેપારીનું વહાણ સમુદ્રમાં ડૂબી ગયું. વહાણમાં મૂલ્યવાન સામાન ભરેલો હતો. હજારોની માલમત્તા તેમાં હતી.આ અકસ્માતથી વ્યાપારી નું હૃદય કકળી ઉઠ્યું. ભારે નુકસાન સેવા દિલ તૈયાર ન હતું?. ગણેશના દર્શન માટે ત્યાં મંદિરે આવ્યો? .આક્રન્દ ભરી પ્રાર્થના કરી, આજીજી કરી, પુજારી ના ચરણોમાં પડીને તે નમી પડ્યો અને બોલ્યો " દેવ મારું સર્વસ્વ ફના થઈ ગયું." હું રસ્તાનો ભિખારી થઈ ગયો ને કૃપા કરો મારું વહાણ સાગર માંથી નીકળે તેવું કરો ને પૂજારીને વેપારીના સાન્તાવન આપ્યું. તેને કહ્યું હિંમત હારી નહી ગણપતિ સર્વમંગલ કરશે તેમનામાં શ્રદ્ધા રાખજે.

પ્રભુ શ્રદ્ધા અને ભક્તિ તો રાખ્યા જ છે. પણ દારૂણ આફત હવે સેવાની મારી શક્તિ નથી. મારી આસ્થા પણ ડગમગી ગઈ છે. ઈશ્વર પ્રતિની શ્રદ્ધા ભક્તિનું આ ફળ વ્યાપારી એ કહ્યું.

શ્રદ્ધા ફળ રૂડું જ હોય છે . ક્યારેક કસોટી પણ થાયએમાં.

સાંગોપાંગ પાર ઉતરે છે તે શ્રદ્ધાળુ કહી શકાય. તું તારી આસ્થા શ્રદધા રાખજે. વ્યાપારી ગણપતિના ચરણ માં નમી ગયો. પુજારી દ્રવી ગયાં. વ્યાપારીનું આ દુઃખ સહન ન થયું. તેને કહ્યું ભાઈ મારા વચનમાં વિશ્વાસ અને શ્રદ્ધા છે ને છે જ..!

વ્યાપારી બોલ્યા તો સાંભળી કાલે તને તારા વહાણ અંગેના શુભ સમાચાર મળશે. તારું વહાણ માલ સાથે તું પામી શકીશ. ગણપતિદાદા દયાળુ છે. તેમનામાં વિશ્વાસ રાખજે . પુજારીએ કહ્યું .વ્યાપારી પૂજારીના પગમાં પડી ગયો. અને ગણેશ વંદના કરવાં લાગ્યો. ઘરે ગયો ગણપતિ મૂર્તિ પાછળનો ચીરો અને લોહી.

બીજે દિવસે સવારે નિત્ય નિયમ મુજબ પૂજા માટે મંદિરમાં આવ્યાં. ગણપતિને સ્થાન કરાવવા માંડ્યું. સ્નાન કરાવતા તેમનો પાછળ હાથ ગયો અને ભીનાશ લાગી .

પૂજારી ચૌંકી ગયાં હાથમાં લોહીના ડાઘા હતાં ને પછી પૂજારી એ પાછળ નજર કરી તો ગણપતિની પીઠમાં તેને ઊભો ચીરો જણાયો.

એ ચિરામાંથી લોહી જરી રહ્યું હતું .પૂજારી મહારાજે સ્વગત કરહ્યુ દેવા શું આપણી પીઠ પાછળ ઘા કેમ..?

ગણપતિ બહાર નીકળવું એવુ લાગ્યું.પૂજારીને ગણપતિ સાથે આત્મસાક્ષાત્કાર થયો. ગણપતિ એ કહ્યું તું મારો ભક્ત છે. તારી વાણી પ સફળ ન જવા દઉં એટલે જ વ્યાપારી નું વહાણ સાગરમાંથી મારા ખભે ઊંચકીને બહાર કાઢ્યું. એમાં મને આ ઘા થયો છે .પૂજારીની આંખમાંથી આંસુ આવી ગયાઊ. મારે લીધે પ્રભુને કષ્ટ સહેવું પડ્યું. મારી વાણીને મારા શબ્દોને યાદ કરવાં ગણપતિએ પોતે ઉપાડ્યું.

પૂજારીજી દ્રવી ગયાં. તેમણે પ્રતિજ્ઞા કરી કે હે પ્રભુ હવેથી કોઈને પણ તમારા નામથી વચન આપીશ નહીં .આજે પણ આ મંદિરના ગણપતિ ની પીઠ પાછળ મોટો ચીરો દેખાય છે. મંદીરનાં પુજારીએ સ્નાન કરાવતી વખતે આ ચીરો જોવે છે પણ ખરા શિલ્પીની ભવિષ્યવાણી પ્રભાકરભાઈએ

સોમનાથ નું પ્રસિદ્ધ રચી મંદિરની ખૂબ નામનાં પ્રાપ્ત કરી હતી.આ મશહુર અને જ્ઞાની શિલપી સાથે આ મંદિર સ્થાપત્ય થયું હતું મંદિર જ્યારે થયું ત્યારે પ્રભાશંકરભાઈ એ કુંડળી રચી અને જોઇને ભવિષ્ય ભાખેલું કે મંદિરની મૂર્તિની જે કોઈ સેવા પૂજા કરશે તે દરિદ્ર ક્યારેય નહીં રહે. શિલ્પીની ભવિષ્યવાણી આજે પણ સાચી પડતી જણાય છે. માત્ર શ્રદ્ધા જ મહત્વની છે.

રાગીની શુક્લ "રાગ",મુંબઈ, કાંદિવલી

-----------------------------------------------

NOG.SS.NO.0098
विषय:- गणेश उत्सव, धर्म शास्त्र विधि विधान में गणेशजी का महत्व।
प्रकार:- गद्य
शीर्षक:- श्री गणेशाय नमः।

माता पार्वती और भगवान शंकरजी के पुत्र हैं गणेश।इनकी जन्मतिथि "चतुर्थी" है। इस दिन से गणेशोत्सव मनाया जाता है।

देवाधिदेव महादेव की भूल व क्रोध के कारण गणपति का शिरच्छेद किया गया था। फिर उनके धड़ पर हाथी का मस्तक लगाया गया था। गणपति के इस स्वरूप से माता पार्वती अत्यंत दुखी हुईं। तब महादेव जी ने उन्हें आश्वासन दिया कि हे देवी संसार में कोई भी मांगलिक कार्य में गणपति को सर्वप्रथम पूजा जाएगा।जो भी इन्हें पूजेगा , उनके सभी विघ्न दूर होंगे। महादेव जी के इस आश्वासन से पार्वती जी को सांत्वना मिली, और तभी से मांगलिक कार्यों के प्रारंभ में श्री गणेश को पूजा जाता है। गणेश जी बुद्धिशाली व विघ्नहर्ता हैं। मोदक उन्हें अतिप्रिय है।

कुछ भी लिखने से पहले "श्री गणेशाय नमः।" क्यों लिखते हैं?

अक्षरों को गण कहते हैं।गण शब्द व्याकरण में भी है। अक्षरों के ईश यानि देवता होने के कारण गजानन को गणेश कहते हैं।छंद शास्त्र में मगण,नगण,भगण,यगण,जगण,रगण ,सगण,तगण, ये आठ प्रकार के गण होते हैं।इन सभी गणों के अधिष्ठाता श्री गणेश हैं। इसलिए लेखन, कविता, विद्या के प्रारंभ में गणेशजी की पूजा सबसे पहले की जाती है। बही-खाता से लेकर आमंत्रण पत्र पत्रिकाओं में सबसे पहले "श्री गणेशाय नमः।" लिखा जाता है।

गणेश चतुर्थी का पर्व पूरे विश्व में मनाया जाता है। इस पर्व के आने की और जाने की दोनों तिथियां निश्चित है। ये पर्व ११दिनों का पर्व है। भक्तगण अपनी श्रद्धानुसार गणेश जी की प्रतिमा की पूजा अर्चना अपने घरों में, गलियों में पंडाल लगाकर करते हैं। ये सामूहिक पर्व है। अनंत चतुर्दशी के दिन (११वे दिन) प्रतिमा की पूजा अर्चना करके ढोल नगाड़े, भजन कीर्तन कर जयकारे लगाते हुए" गणपति बप्पा मोरया अगले बरस तू जल्दी आ" के साथ प्रतिमा का विसर्जन कर पर्व का समापन करते हैं।

( विसर्जन क्यों किया जाता है? मित्रों मेरे व्यक्तिगत विचार है।जीवन एक चक्र है। जिस प्रकार हम सर्जन को स्वीकारते हैं,उसी प्रकार विसर्जन को भी स्वीकारना चाहिए। आगमन जितना आनंदमय और खुशहाल होता है, उससे भी भव्य विदाई होनी चाहिए।)

✍️
लीना शर्मा
हालोल।




ગાંધીનગર મહાનગર પાલીકા ની ચૂંટણી માં આજની પ્રેસ વાર્તા માં પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયા,ઈશુદાં ગઢવી તેમજ મહેશ સવાની,મુકેશ પટેલ જિલ્લા પ્રમુખ,ઝોન પ્રેમભરી હસમુખ પટેલ ની હાજરી માં ગેરંટી કાર્ડ રજૂ કરી ને વચનો આપવામાં આવ્યા..

## દેવગઢ બારીયાના ભુતપગલાના જવાનનુ લાંબી બીમારી બાદ નિધન, નશ્વર દેહને વતન લવાયો



અભેસિંહ રાવલ દાહોદ

છેલ્લા ૧૭ વર્ષથી દેશ અને રાષ્ટ્રની સુરક્ષા માટે ભારતીય સેનામાં ફરજ બજાવતા અને ૧૫ દિવસ પછી ફરજ મુક્ત થઈ નોકરી પરથી પોતાના માદ-રે વતનમાં પરત ફરવાના હતા એવા દેવગઢ બારિયા તાલુકાના ભુતપગલા ગામના પનોતા પુત્ર પ્રદિપસિંહ બારીયા નુ ચંદીગઢ ની આર્મી હોસ્પિટલમાં કોઈ ગંભીર બીમારી ની સારવાર દરમિયાન દુઃખદ નિધન થતાં આજરોજ તેઓના પાર્થિવ દેહને સન્માન સાથે તેમના માદરે વતન ભૂત પગલા લઈ જતા પહેલા આર્મીના વાહનમાં દેવગઢબારિયા ખાતે લાવવામાં આવતાં તેઓના અંતિમ દર્શન માટે તેમજ વીર ને શ્રદ્ધાંજલિ આપવા દેવગઢબારિયા નગરમાં આજે માનવ કિડીયારૂ ઉભરાયું હતું અને દેવગઢબારીયા થી તેમના પાર્થિવ દેહને આર્મી ની ગાડી માં તેમના માદરે વતન ભૂત પગલા ગામ એ લઈ જવામાં આવ્યો હતો જયાં ગાર્ડ ઓફ ઓનર સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા તેઓના ક્રિયાકર્મ માટે સેનાના જવાનોએ રૂપિયા ૧૫૦૦૦ સુવા પ્રદીપભાઈ બારીયાના પરિવારજનોને આપ્યા હતા ગ્રામજનોએ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પોતાના ગામના વીર જવાન ને ભીની આંખે શ્રદ્ધાંજલિ આપી હતી ... સ્વ. પ્રદીપભાઈ એ પ્રાથમિક શિક્ષણ પોતાના ગામની પ્રાથમિક શાળામાં લીધા પછી ધોરણ ૮ થી ૧૦ નો અભ્યાસ તેઓએ દુધિયા ગામ ની જ્ઞાનદીપ હાઈસ્કૂલ માં કર્યો હતો જ્યારે અગિયારમું ધોરણ તેઓ દેવગઢ બારિયાની મોદી સ્કૂલમાં ભણ્યા હતા ત્યારબાદ ૨૫ ૯ ૨૦૦૦ ની સાલમાં તેઓ આર્મીમાં ભરતી થયા હતા અને નાસિક ખાતે આર્મીની ટ્રેનિંગ લીધી હતી તે પછી તેઓએ આર્મીમાં દેશમાં વિવિધ જગ્યાએ તેમજ સરહદે સેવા બજાવી હતી તેઓના લગ્ન પ્રભાબેન સાથે સમાજના રીતરિવાજ મુજબ થયા હતા સંતાનમાં તેઓને બે પુત્રો અને એક પુત્રી છે જેમાં તુષાર પ્રદીપસિંહ ઉ. વ. ૧૩, વનરાજસિંહપ્રદીપસિંહ ઉ. વ. ૧૨ તથા પુત્રી જ્યોતિબેનપ્રદીપસિંહ ઉ. વ. ૧૮ નો સમાવેશ થાય છે પ્રદિપસિંહ બારીયા આગામી ૩૧ ૧૦ ૨૦૨૧ ના રોજ ફરજ નિવૃત્ત થવાના હતા જેથી તેમના પરિવારજનો તેમના સ્વાગતની તૈયારીઓ માં વ્યસ્ત હતા તે દરમિયાન કોઈ ગંભીર બીમારીની ચંદીગઢ આર્મી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ પ્રદિપસિંહ બારીયાએ ગતરોજ સારવાર દરમિયાન આર્મીની હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા ની ખબર આવતા જ તેમના પરિવારજનોના માથે દુઃખના પહાડ તૂટી પડ્યા હતા અને પરિવારજનોમાં આવવાની ખુશી જગ્યાએ મોતનો માતમ છવાયો હતો અને તેમના અંતિમ દર્શન માટે પરિવારજનોની આખો તરતી રહી હતી સ્વ પ્રદિપસિંહ નો પાર્થિવ દેહ અંતિમ ક્રિયા માટે તેમના માદરે વતન ભૂત પગલા ગામ એ ગાર્ડ ઓફ ઓનર સાથે કરાતા તેઓનો પાર્થિવ દેવ પંચમહાભૂતમાં વિલીન થઈ ગયો હતો તેમના ક્રિયા કર્મ માટે આર્મીના જવાનોએ પ્રદિપસિંહ બારીયાના પરિવારજનોને રૂપિયા ૧૫૦૦૦ ની રોકડ આપી હતી આ પ્રસંગે દેવગઢ બારીયા ના ધારાસભ્ય બચુભાઈ ખાબડ સહિત અનેક રાજકીય નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા

## સમસ્ત બ્રહ્મસમાજનું ગૌરવ
## AIR TOPPER rank 2'nd



UPSC 2020 સિવિલ સેવા પરીક્ષા IAS માં સમગ્ર ભારતમાં બીજા નંબરે અને મહિલા વર્ગમાં પ્રથમ સ્થાન મેળવી બ્રહ્મ સમાજના સામાન્ય પરિવારની દીકરી જાગૃતિ અવસ્થીએ સમગ્ર બ્રહ્મ સમાજનું સમગ્ર ભારત દેશમાં ગૌરવ વધાર્યું છે.

સમસ્ત ભારત બ્રહ્મ સમાજ વતી
ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ

### સમગ્ર ગુજરાતમાં ૧૧૧૧ ચબૂતરાઓ, દાતાઓના સહકારથી મુકાશે

## પક્ષીઓ માટે હેરફેર કરી શકાય તેવા પોર્ટેબલ ચબૂતરાઓનું નિર્માણ સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા કરાશે

દરેક વ્યક્તિને પક્ષીને ચણ નાખવાની ઈચ્છા હોય છે, પરંતુ ખુલ્લા મેદાન મળતા હોતા નથી તેવા સંજોગોમાં ફળિયામાં કે અગાસી પર ખુલ્લામાં હેરવી - ફેરવી શકાય અને પક્ષીને ચણ નાખવા તથા પક્ષીને પીવાનું પાણી મળી રહે તે માટે કુંડા રાખવાની વ્યવસ્થા યુક્ત મોબાઈલ ચબૂતરો(હેરફેર કરી શકાય તેવો ચબૂતરો ) નું નિર્માણ સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા કરવામાં આવ્યું છે. આ ચબૂતરામાં બિલાડી/કુતરા જેવા પ્રાણીથી પણ પક્ષીઓને સારું એવું રક્ષણ મળી રહે છે. સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા પડતર કિંમતે આ મોબાઈલ ચબૂતરો આપવામાં આવશે. આ મોબાઈલ ચબૂતરા અંગેની વધુ માહિતી માટે તેમજ રૂબરૂ જોવા માટે કે વ્હોટસએપમા ચબૂતરાના ફોટા અને વિડીયો મેળવવા માટે મો. ૭૯૨૧૦ ૫૮૯૪૯ નો સંપર્ક કરવા સદભાવના વૃધ્ધાશ્રમનાં વિજયભાઈ ડોબરિયા જણાવે છે.

પોતાના વતનમાં, મંદિરમાં, જાહેર સ્થળોએ, ઉદ્યાનોમાં કે પછી મકાનની-ઓફિસની અગાસી, ફળિયામાં આ ચબૂતરો મૂકવામાં આર્થિક સહયોગ આપી દરરોજ સેંકડો પક્ષીઓની ભૂખ સંતોષવામાં ભાગીદાર બની પુણ્ય મેળવો.

## નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શ્રેષ્ઠ સમાજ ઘડતરનું ચિંતન :રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રત

# ભારતીય ભાષા અને સાહિત્યના વિશિષ્ટ સંદર્ભમાં" વિષયક બે દિવસીય કાર્ય શાળાને રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે ખુલ્લી મુકાઇ

ગાંધીનગર:

ગુજરાતના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું છે કે, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શ્રેષ્ઠ સમાજ ઘડતરનું ચિંતન છે. ગુજરાત સાહિત્ય અકાદમી અને સરકારી વિનયન કોલેજ, ગાંધીનગર દ્વારા યોજાયેલા " રાષ્ટ્રીય શિક્ષા નીતિ : ભારતીય ભાષાઓ અને સાહિત્યના વિશેષ સંદર્ભમાં "વિષયક કાર્યશાળામાં રાજયપાલશ્રીએ એમ પણ જણાવ્યું હતું કે, નવી શિક્ષણ નીતિમાં ભાષા અને સાહિત્યને આગવું સ્થાન મળ્યું છે.

રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, કોઈપણ રાષ્ટ્રનું ભવિષ્ય બાળક અને યુવા પેઢીમાં સમાયેલું હોય છે. ત્યારે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શ્રેષ્ઠ નાગરિકોના ઘડતર સાથે નૈતિક જીવન મૂલ્યોના શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. પ્રાચીન ભારતમાં શિક્ષણ જીવનના સમગ્રતયા વિકાસને અનુલક્ષીને આપવામાં આવતું હતું. જેના કારણે ભારતીય ગુરૂકુળ પરંપરા જગ વિખ્યાત હતી. રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભારતની આ પ્રાચીન શિક્ષા પરંપરાનો ધ્વંસ કરીને જ અંગ્રેજો ભારતમાં સત્તા સ્થાપી શક્યા હતા. અંગ્રેજોની ગુલામીમાંથી ભારત સ્વતંત્ર થયું પરંતુ અંગ્રેજીયત હજુ લોકોના માનસમાંથી જતી નથી. તેમણે જણાવ્યું હતું કે, પ્રાચીન ભારતની શિક્ષણ પરંપરામાં શિક્ષણનો ધ્યેય જીવનનાં ઉદ્દેશને જાણવાનો હતો. રાજયપાલશ્રીએ એક ભારત – શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે રાષ્ટ્રની એક ભાષા- રાષ્ટ્ર ભાષા હિન્દીને મહત્વ રૂપ ગણાવી હતી.

આ પ્રસંગે રાજયપાલશ્રીએ રાષ્ટ્રના ધર્મ- સંસ્કૃતિ- પરંપરા અને મૂલ્યોના જતન માટે ભાષાઓનું સંરક્ષણ – સંવર્ધન અગત્યનું હોવાનું જણાવી નવી શિક્ષણ નીતિમાં માતૃભાષામાં શિક્ષણ અને સાહિત્યની મહત્તા વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે બહુભાષી કૌશલ્યની હિમાયત કરીને સંસ્કૃત ભાષાનું ગૌરવ પ્રસ્તુત કર્યું હતું.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મ શ્રી ડૉ. વિષ્ણુ પંડયાએ જણાવ્યું હતું કે, શિક્ષણ એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. જેમાં પરિવર્તન થાય તે ખૂબ જ જરૂરી છે. પણ શિક્ષણનો મૂળ આત્મા ન બદલાય તે પણ તેટલું જ મહત્વનું છે. શિક્ષણમાં પ્રત્યેક્ષ- પરોક્ષ રીતે વિજ્ઞાન,ટેકનોલોજી, કલાઅનેસાહિત્ય સમાયેલ છે. તેમણે ઉમેર્યું હતું કે, સમગ્ર વિશ્વમાં ૨,૭૯૬ જેટલી ભાષાઓ છે. તેમજ ભારત દેશમાં પણ ૮૪૫ જેટલી ભાષાઓ બોલાય છે. આપણા દેશમાં આટલી બધી ભાષાઓ હોવા છતાં પણ દેશ એક તાંતણે બંધાયેલ છે, તેનું ઉમદા કારણ પણ રજૂ કર્યું હતું. જ્ઞાન સાથે સંવેદના આપતું શિક્ષણ ભારતે આપ્યું છે. નવી શિક્ષણ નીતિ ભારતને શિખરે પહોંચાડે તેવી દિશા તરફની હોવી જોઇએ તે પણ ખૂબ જરૂરી છે. સારી શિક્ષણ નીતિ માટે ભાષા- સાહિત્યનું મંથન કરવાની વાત પર પણ ભાર મુક્યો હતો.



ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રી એમ. નાગરાજને જણાવ્યું હતું કે, સાહિત્ય અને ભાષા થકી વ્યકતિનો વિકાસ થાય છે. તેમજ સાહિત્ય થકી જ તેની સંસ્કૃતિનો વિશેષ ખ્યાલ પણ આવી શકે છે. તેમણે બાળકોને માતૃભાષામાં શિક્ષણ આપવાની વાત પર ભાર મુકી ઉમેર્યું હતું કે, આજે પણ વિશ્વના જાપાન, જર્મની જેવા અનેક રાષ્ટ્રમાં એન્જિનયરીંગ જેવા ઉચ્ચકક્ષાનું શિક્ષણ પણ માતૃભાષામાં આપવામાં આવે છે. નવી શિક્ષણ નીતિ આગામી સમયમાં કેવી રીતે નવી પેઢીને મદદગાર બની શકે છે, તે માટે આ પ્રકારના ચિંતન, વિચારોની આપ- લે માટે આવા સેમિનાર ખૂબ જરૂરી છે. આ પ્રસંગે સરકારી વિનયન કોલેજના આચાર્ય શ્રી ડૉ. અનુપા ચૌહાણે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ કોરોના વેક્સિનેશનની જાગૃતિ આપતી ટુંકી ફિલ્મ પર બતાવવામાં આવી હતી. આ બે દિવસીય સેમિનારમાં આ વિષય પર તજજ્ઞો દ્વારા ઉમદા માહિતી આપવામાં આવશે. તેમજ નવી શિક્ષણ નીતિ પર વિચારને આપ- લે કરવામાં આવશે.

આ પ્રસંગે કેન્દ્રીય વિશ્વ વિધાલયના કુલપતિ શ્રી ડૉ. રમાશંકર દુબે સહિત આમંત્રિત વિવિધ સરકારી કોલેજના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા બી.બી.એ. કોલેજમાં પ્રવેશત્સવ અને સ્ટોક માર્કેટ અંગે સેમિનાર સંપન

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ



ધી મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી બી. એચ. ગાંધી બી.બી.એ. કોલેજ, મોડાસામાં તાઃ ૨૫–૦૯–૨૦૨૧ ના રોજ B.B.A Sem-I માં પ્રવેશ મેળવનાર વિધાર્થીઓને આવકારવા ઙnow Your College (KYC) અંતર્ગત કોલેજ પ્રમુખશ્રી નવિનચંદ્ર આર. મોદી, માનદ્?મંત્રીશ્રી રમેશભાઈ પી. શાહ તથા મુખ્ય મહેમાન તરીકે અશ્વમેધ વેન્ચરસ પ્રા. લિ.ના C.E.O. અને કો ફાઉન્ડર શ્રી રશેષભાઈ એચ. ઉપાધ્યાય ખાસ ઉપસ્થિત રહયા હતા. B.B.A. Sem-I માં પ્રવેશ મેળવનાર દરેક વિધાર્થીઓને કોલેજ પરીવાર દ્વારા આવકારવામાં આવ્યા હતા. કોલેજ અને સરકાર દ્વારા ચાલતી વિવિધ પ્રવૃતિઓ અંગે ર્ડા. તુષારભાઈ ભાવસારએ વિધાર્થીઓને માહિતગાર કર્યા હતા. વિધાર્થીઓને કોલેજમાં ચાલતી વિવિધ પ્રવૃતિઓ જેવી કે ઓસા, ગ્રંથાલય, ઈન્ટસ્ટ્રઝ કલબ., ઈકો કલબ, સ્પોર્ટસ વગેરે અંગે સંબંધીત વિભાગના ઈન–ચાર્જ અધ્યાપકશ્રીઓએ માહિતી આપી હતી.

સ્ટોક માર્કેટને લઈને અભિરૂચી કેળવાય તેમજ ભવિષ્યમાં માર્કેટમાં રોકાણ કરીને કઈ રીતે આવક ઉભી કરી શકાય તે બાબતને લઈ ઓવરવ્યુ ઓફ સ્ટોક માર્કેટ વિષય પર સેમીનાર યોજાયો જેમાં અશ્વમેઘ વેન્ચરસ પ્રા. લિ.ના C.E.O. અને કો–ફાઉન્ડરશ્રી રશેષભાઈ ઉપાધ્યાયએ કારકિર્દીને સફળ બનાવવામાં કેપીટલ માર્કેટમાં રહેલી ઉજવળ તકો વિશે સચોટ માર્ગદર્શન અને માહીતી આપવામાં આવી જેમાં મોટી સંખ્યામાં વિદ્યાથીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માટે ટીચીંગ સ્ટાફ, નોન–ટીચીંગ સ્ટાફને કાયક્રમને સફળ બનાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતાં.

# 'હેપી બર્થ ડે ફ્લોરા...'પ્રસિદ્ધ ગાયિકા નેહા કક્કરે મુંબઈથી ફ્લોરાને જન્મદિવસની શુભેચ્છા પાઠવી

## ૧૧ વર્ષની બ્રેઇન ટ્યુમરથી પીડાતી ફ્લોરાની વિશ પૂર્ણ કરવા વહીવટી તંત્રની અત્યંત સંવેદનશીલ પહેલ...

'મારી ૧૧ વર્ષની દિકરી ફલોરા ધોરણ ૭માં અભ્યાસ કરી રહી છે. ફલોરાને એક દિવસ માટે કલેકટર બનવાની ઈચ્છા અમદાવાદ જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાગલેએ પૂર્ણ કરી છે પરંતુ આ જ વહીવટી તંત્રની પહેલને કારણે ફલોરાની બીજી ઈચ્છા પણ આજે પૂર્ણ થઈ છે... અમારુ આખુ પરિવાર આજે અત્યંત ખુશ છે...

આ શબ્દો છે ફલોરાની માતા સોનલબેન આસોડિયાના. ફલોરાની કલેકટર બનવાની અદમ્ય ઈચ્છાની જયારે અમદાવાદ જિલ્લા કલેકટર શ્રી સંદિપ સાગલેને જાણ થઈ ત્યારે તેમણે ફલોરા પ્રત્યે સંવેદનશીલતા દાખવીને ક્ષણભર પણ વિલંબ કર્યા વિના તેને એક દિવસ માટે કલેકટર બનાવવાની વાત સ્વીકારી. અને ફલોરા એક દિવસ માટે કલેકટર બનીને જિલ્લા કલેકટરશ્રીની ખુરશીમાં બિરાજમાન પણ થઈ...

સરગાસણમાં રહેતી ફલોરાની કલેકટર બનવાની ઈચ્છા ની સાથે સાથે તેને પ્રસિદ્ધ ગાયિકા નેહા કક્કર ના ગીતો સાંભળવાનો પણ ગજબનો શોખ હતો રેડિયો કે ટીવી માં નેહા કક્કર ના ગીતો સાંભળતા ની સાથે જ ફલોરા ઝૂમી ઉઠતી હતી...

ફલોરાની માતા સોનલ બેન આસોડીયા કહે છે કે, આજે મારી દીકરીની વર્ષગાંઠ છે અને તે સદાય એવું કહેતી કે નેહા કક્કર મને બર્થ ડે વીશ કરે તો મને ખૂબ ગમે... મારી દીકરી જયારે એક દિવસ માટે કલેક્ટર બની ત્યારે જ આ વાતને જિલ્લા કલેકટર સમક્ષ કરી હતી અને તેમણે મને ખાતરી આપી કે ફલોરા ના જન્મદિવસે નેહા કક્કર તેને બર્થ ડે વિશ કરે તે માટે બધા જ પ્રયત્નો કરીશ અને આજે નેહા કક્કર નો બર્થ ડે વીશ કરતો વિડીયો અમને મળ્યો છે... આ વિડીયો જોતા જ ફલોરાના ચહેરા પર એક અજીબ પ્રકાર નું નૂર દેખાયું છે એટલે અમારા માટે આ એક વધારાની ખુશી છે એમ તેઓ ઉમેરે છે...'

જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાગલે જણાવ્યું હતું કે દીકરી ફલોરા જયારે એક દિવસ કલેકટર બનીને અમારી ઓફિસે આવી ત્યારે જ તેની આ ઈચ્છા ની પણ તેના પરિવાર પાસેથી અમને જાણવા મળી હતી, ત્યારે જ અમે પ્રસિદ્ધ ગાયિકા નેહા કક્કર નો સંપર્ક કરવાનો પ્રયાસ શરૂ કર્યો હતો

અને અમે સફળ પણ થયા તેના પગલે ફલોરાના ચહેરા પર ની ખુશી જ અમારા માટે સર્વસ્વ બની છે...' એમ તેઓ કહે છે... અધિક નિવાસી કલેક્ટર શ્રી પરિમલ પંડ્યા કહે છે કે, ' ફલોરાની આ ઈચ્છા બાબતે જિલ્લા કલેકટરશ્રીએ અમને સૂચના આપી અને મેં પોતે નેહા કક્કર ના પિતાશ્રી જયનારાયણકક્કર નો સંપર્ક કર્યો....ફલોરાની બીમારી વિશે તેમને વાત કરતાં જ શ્રી જયનારાયણ કકકરે એવી ખાતરી આપી કે અમદાવાદની દીકરી માટે મારી દીકરી નેહા પણ તેની વિશ પૂરી કરશે... અને ફલોરાને બર્થડે વીશ કરતો વિડીયો નેહા કક્કરે અમને તરત જ મોકલી આપ્યો... આ વિડીયો ફલોરાના પરિવાર ને મોકલી આપ્યો છે... તેના પરિવાર પાસેથી ફલોરા ઝૂમી ઉઠી છે તેવા સમાચાર મળતા જ અમારામાં પણ ખુશી વ્યાપી ગઈ છે...' એમ તેઓ ઉમેરે છે...

ફલોરાના પિતા અપૂર્વ અસોડીયા કહે છે કે, ' બીમારીના શરૂઆતના તબક્કામાં નેહા કક્કર ના ગીતો સાંભળતા જ ફલોરા ઝૂમી ઉઠતી હતી... અમદાવાદ જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાગલેએ અમારા એ દિવસો પાછા લાવી ને અમારી દીકરીને આનંદિત બનાવવાનો પ્રયત્ન અત્યંત પ્રશંસનીય છે...'

એક જ સપ્તાહમાં ફલોરાની બે ઈચ્છાઓ પૂર્ણ કરીને અમદાવાદ જિલ્લા વહીવટીતંત્રએ સંવેદનશીલ અને અનુકરણીય ઉદાહરણ પૂરું પાડ્યું છે....સો સો સલામ આવા સંવેદનશીલ વહીવટીતંત્રને....

# રમેશ ભાઇ પટેલ ગુજરાત હાલ કેલિફોર્નિયા, ભારત માતાના ચાંદીના સિક્કા માટે કવિ સંમેલનમાં પ્રથમ ક્રમે વિજયી



ભારત માતા અભિનંદન સંગઠન (હરિયાણા) ગુજરાત પ્રદેશ ઈકાઈ ના અધ્યક્ષ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર દ્વારા સ્વામી વિવેકાનંદ જી અને ભારત માતા વિષય પર હિન્દી માં ઑન લાઈન કવિ સંમેલન આયોજિત કરવામાં આવ્યું હતું જેમાં કુલ મળીને ૭૫ કવિઓ એ રાષ્ટ્ર પ્રેમ ની જ્યોત જલાવી હતી. આ કવિ સંમેલન માં જે કવિ પ્રથમ ક્રમે આવે તો તેને શ્રી પી ડી મિત્તલ અધ્યક્ષ ભારત માતા અભિનંદન સંગઠન હરિયાણા દ્વારા ભારત માતા નો ચાંદી નો સિક્કો આપવાની જાહેરાત કરી હતી જે અન્વયે ગુજરાત ના શ્રી રમેશ ભાઈ પટેલ ગુજરાત (આકાશદીપ)હાલ કેલિફોર્નિયા ને નિર્ણાયકો ના મતે પ્રથમ ક્રમ આપવામા આવ્યો છે. શ્રી રમેશ ભાઈ પટેલ દ્વારા હિન્દી માં ભારત માતા વિશે કવિતા વીડિયો દ્વારા અને ટાઈપ કવિતા પ્રસ્તુત કરી હતી. તેઓને ચાંદીનો ભારત માતા નો સિક્કો સન્માન પત્ર સાથે સન્માનિત કરી અર્પણ કરવામાં આવશે, સ્વપ્ન જેસરવાકર ગોવિંદ ભાઈ પટેલ હાલ કેલિફોર્નિયા દ્વારા ખૂબ ખૂબ અભિનંદન શ્રી રમેશ ભાઈ પટેલ ને પાઠવવામાં આવ્યા છે.

ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ ગુજરાત પ્રદેશ ભારત માતા અભિનંદન સંગઠન (હરિયાણા)

# બૉર્ડર સિક્યુરિટી ફોર્સના ૧૫૦ જવાનોની દાંડીથી રાજઘાટ સુધીની સાયકલ યાત્રા

દેશની સરહદોની સુરક્ષા દિનરાત ખડેપગે રહેતા બોર્ડર સિક્યુરિટી ફોર્સ(BSF)ના જવાનોએ કાશ્મીરથી દાંડી (ગુજરાત) સુધીની એક અનોખી સાયકલ યાત્રાનું આયોજન કર્યું છે. ગાંધી જયંતી, બીજી ઓક્ટોબરના રોજ આ સાયકલ યાત્રા દાંડી પહોંચી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપશે. બી.એસ.એફ. બોર્ડર સિક્યોરિટી ફોર્સના જવાનોની આ સાયકલ યાત્રા આજે બપોરે (૨૫ સપ્ટેમ્બરે) અમદાવાદ આવી પહોંચી હતી. અમદાવાદની સેવાભાવી સંસ્થા શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તેમનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.



યાત્રાનું સ્વાગત કરતાં ટ્રસ્ટના ડોક્ટર પ્રકાશ કુરમિએ જણાવ્યું હતું કે, દેશની સુરક્ષામાં વ્યસ્ત જવાનો એક અનોખા મિશન હેઠળ આ યાત્રાએ નીકળ્યા છે ત્યારે તેમનું યથા યોગ્ય સ્વાગત થાય તે આપણી સૌની ફરજ છે.. દેશના સીમાડાઓ સાચવનારા આ જવાનો "આઝાદીકા અમૃત મહોત્સવ" અંતર્ગત એકતા,અખંડિતતા અને ફિટનેસના ધ્યેય મંત્ર સાથે નીકળ્યા છે ત્યારે સમાજમાં તેની હકારાત્મક અસર અને સંદેશો પહોંચશે તે પણ એટલું જ નિશ્ચિત છે. આ તકે અમદાવાદના સેવાભાવી સંગઠન શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ×અ ડે વીથ બી.એસ.એફ. સોલ્જર્સ× કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ૨૬ મી સપ્ટેમ્બરના રોજ સીમા સુરક્ષા દળના જવાનો કાંકરિયા લેક, સ્વામિનારાયણ મંદિર અને મોડર્ન સ્કુલ મણીનગર જેવા સ્થળોની મુલાકાત પણ લઈ વૃક્ષારોપણ, મેડિકલ ચેકઅપ કેમ્પ અને યોગ,પ્રાણાયામ શિબિર જેવા કાર્યક્રમમાં સહભાગી થશે.

આખો દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે આઝાદીની લડાઈમાં અનન્ય યોગદાન આપનારા અમદાવાદ નગરના શહેરીજનો આ સાયકલ યાત્રાને ઉત્સુકતાથી વધાવી હતી.

આ પ્રસંગે બીએસએફના અધિકારીઓ, શહેર અગ્રણી અશોક પંડ્યા, મણિનગર સ્વામિનારાયણ મંદિરના મહંતશ્રીઓ વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા... તારીખ ૨૭મી સપ્ટેમ્બર સવારે સાયકલ યાત્રા અમદાવાદથી આણંદ જવા માટે પ્રસ્થાન કરશે.

## અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોની મતદાર યાદીમાં સમાવિષ્ટ

# ૧૮ વર્ષથી વધુ વયના ૧૧,૮૩,૨૧૯ લાભાર્થીઓના રસીકરણ લક્ષ્યાંક સામે ૧૧,૮૬,૦૪૩ને કોરોનાની રસીના પ્રથમ ડોઝ આપવામાં આવ્યા

અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મતદાર યાદીમાં સમાવિષ્ટ ૧૮ વર્ષથી વધુ વયના ૧૧,૮૩,૨૧૯ લાભાર્થીઓના રાજય સરકાર દ્વારા નિર્ધારીત કરાયેલ રસીકરણના લક્ષ્યાંક સામે ૧૧,૮૬,૦૪૩ ને તારીખ ૨૫ મી સપ્ટેમ્બર સુધીમાં કોરોનાની રસીનો પ્રથમ ડોઝ આપવાની કામગીરી કરવામાં આવી છે.



અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલેએ વધુ વિગતો આપતા જણાવ્યું હતુ કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સમગ્ર દેશમાં ૧૬ મી જાન્યુઆરી ૨૦૨૧ થી કોરોના રસીકરણ મહાઅભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.

આ મહારસીકરણ અભિયાનને વેગવંતો બનાવવા માટે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર શરૂઆત થી જ કટીબધ્ધ છે. જેના પરિણામ સ્વરૂપે આજે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ૧૮ વર્ષથી ઉપરના અને મતદાર યાદીમાં નોંધાયેલ લાભાર્થીઓ કરતા પણ વધુ લાભાર્થીઓને કોરોના સામે સુરક્ષા આપતી રસીનો પ્રથમ ડોઝ આપીને સુરક્ષિત કરવામાં આવ્યા છે.

આમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મતદાર યાદિમાં સમાવિષ્ટ ૧૮ વર્ષથી વધુ વયના લાભાર્થીઓમાં ૧૦૦ ટકા કોરોનાની રસીના પ્રથમ ડોઝનું રસીકરણ થઇ જવા પામ્યુ છે.

તેઓએ વિશેષમાં જણાવ્યું હતુ કે, અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલીયાના નેતૃત્વ હેઠળની ટીમ દ્વારા અમદાવાદ જિલ્લાના કુલ ૪૬૬ ગામો પૈકી ૩૧૨ ગામોમાં પણ લાભાર્થીઓને અત્યાર સુધીમાં કોરોનાની રસીનો પ્રથમ ડોઝ આપી ૧૦૦ ટકા કોરોના રસીકરણ કરવામાં આવ્યું છે.

આગામી સમયમાં બાકી રહી ગયેલા લોકોને ડોર ટુ ડોર સર્વે કરીને કોરોના રસીકરણના બીજા ડોઝ આપવાની કામગીરી યુધ્ધના ધોરણે પૂર્ણ કરીને સમગ્ર જિલ્લાના લાભાર્થીઓને કોરોનાની રસીના બંને ડોઝ આપી સુરક્ષિત કરવાની દિશામાં જીલ્લા વહીવટી તંત્ર સજ્જ હોવાનું જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલે એ ઉમેર્યુ હતુ.

અમિતસિંહ ચૌહાણ

# પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મ જયંતીએ તેમની પ્રતિમાને શ્રદ્ધાસુમન અર્પણ કરતા મુખ્યમંત્રીશ્રી



એકાત્મ માનવ વાદના પ્રણેતા પંડિત દીનદયાળજીની જન્મ જયંતિએ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ભાવસભર અંજલિ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આજે અમદાવાદમાં મણિનગર ખાતે પંડિત દિનદયાળજીની પ્રતિમાને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. આ અવસરે અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર મણિનગરના ધારાસભ્ય શ્રી સુરેશભાઈ પટેલ અમદાવાદ મહાનગરપાલિકાની સ્ટેન્ડીગ કમિટીના ચેરમેન શ્રી હિતેશ બારોટ, શહેર ભાજપ પ્રમુખ શ્રી અમિતભાઈ શાહ મ્યુનીસીપલ કાઉન્સિલરો અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



આજ રોજ તારીખ ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી ખાતે ડો. શ્યામાપ્રસાદ મુખર્જી તથા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પ્રતિમાનું અનાવરણ તથા કામધેનું સર્કલના લોકાર્પણ ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રી ડો.મહેન્દ્રભાઇ મુંજપરા, રાજયના મંત્રીશ્રી કીરીટસિંહ રાણા , પ્રદેશના સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી, પ્રદેશના મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલા ,પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી વર્ષાબેન દોશી,રાજયના પુર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, સુરેન્દ્રનગર જિલ્લાના પ્રમુખશ્રી જગદીશભાઇ મકવાણા,નગરપાલિકાના પ્રમુખશ્રી નોલેશભાઇ સહિતના આગેવાનો અને પાટડી નગરપાલીકાના પદાધિકારશ્રીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.